# ટ્રેડિશનલ સાડી સાથે કઈ બિંદી શોભશે?





**નારીના સોળ શ્રૃંગારમાં એક છે બિંદી. એ સુહાગનું પ્રતીક છે. એક બિંદી સાડીના સમગ્ર લુકને બદલી શકે છે. તમે કાંજીવરમ, બનારસી કે કોઈ પણ સાડી પસંદ કરવામાં કલાકો ગાળતાં હશો પરંતુ તેની સાથે એક અયોગ્ય બિંદીની પસંદગી આખા આઉટફિટનું બેલેન્સ બગાડી શકે છે. એક નાની ભૂલ ઘણો મોટો ફરક. યોગ્ય બિંદી સાઈઝ, શેપ અને અવસર પર આધાર રાખે છે. આવો જોઈએ કલર, ચહેરાના આકાર અને ફેબ્રિક પ્રમાણે કેવી બિંદી પસંદ કરવી જોઈએ.**

### ટ્રેડિશનલ સાડી સાથે યોગ્ય બિંદી કઈ રીતે પસંદ કરશો?

ટ્રેડિશનલ સાડી સાથે યોગ્ય બિંદી ત્રણ કામ કરે છે. એ તમારા ચહેરાને ફ્રેમ કરે છે, સાડીના કલરને નિખારે છે અને અવસરના મૂડ સાથે મેચ થાય છે. ટ્રેડિશનલ સાડી સાથે બિંદી પસંદ કરતી વખતે ત્રણ પ્રશ્નોથી શરૂઆત કરો. અવસર શું છે? સાડી ક્યા કલરની છે? તમારી પાસે તૈયાર થવા માટે કેટલો સમય છે?



### અવસર અનુસાર બિંદીની સાઈઝ

બિંદીની સાઈઝ બતાવે છે કે તમે ક્યાં જઈ રહ્યાં છો અને એ અવસર માટે શું યોગ્ય છે.

### દરરોજ અને ઓફિસ માટે નાની બિંદી

» ડેઈલી વેરમાં નાની રાઉન્ડ બિંદી સૌથી સારી છે.

» બહુ મોટી બિંદી સિમ્પલ લુક બગાડી શકે છે તો બહુ નાની બિંદી દેખાતી જ નથી.

» ઓફિસ વેર માટે રેડ કે મરૂન કલરની નાની રાઉન્ડ બિંદી સૌથી યોગ્ય છે.

» ડાર્ક સાડી સાથે બ્લેક પણ સારી લાગે છે.

» દિવસ દરમ્યાન ગ્લિટર અથવા સ્ટડેડ બિંદી ટાળો.

### પૂજા અને ફેમિલી ગેટ ટુ ગેધર માટે મીડિયમ બિંદી

» તહેવારો, ઘરની પૂજામાં અને કૌટુંબિક પ્રસંગોમાં મીડિયમ બિંદી સારી લાગે છે. એ ફોટામાં દેખાશે પરંતુ આખી ફ્રેમ પર હાવી થશે નહીં.

» બનારસી, ચંદેરી અને પટોળા સાડી સાથે આ સાઈઝ બહુ સારી લાગે છે.

» જો તમારી સાડીમાં જરી બોર્ડર હોય તો બોર્ડરના કોઈ એક કલર સાથે મેચ થતી બિંદી પસંદ કરો.

» ગોલ્ડ જરી બોર્ડરની ગ્રીન બનારસી સાડી સાથે પાતળી ગોલ્ડ રીંગ સાથેની મીડિયમ સાઈઝની મરૂન બિંદી સારી લાગે છે.



### લગ્ન અને મોટા ઉત્સવો માટે મોટી બિંદી

» લગ્નપ્રસંગ, દિવાળીની ઉજવણી, સંગીત અને ફોટોશૂટ- આ પ્રસંગોએ તમે કલર કોમ્બિનેશન અને શેપ સાથે કંઈક અલગ અને બોલ્ડ ટ્રાય કરી શકો છો.

» જો લગ્નમાં તમે મહેમાન હો તો મીડિયમ કે મીડિયમ મોટી સાઈઝની બિંદી પસંદ કરો.



### અલગ અલગ સાડી અને બિંદીના કલર

મોટા ભાગની યુવતીઓ કલર કોમ્બિનેશન અંગે ગૂંચવણ અનુભવે છે.

### લાલ સાડી

એની સાથે રેડ, મરૂન કે ગોલ્ડ બિંદી કરો. જો સાડીની બોર્ડરમાં કે પ્રિન્ટમાં બ્લેક ન હોય તો બ્લેક બિંદી ન કરો.

### ગ્રીન સાડી

એની સાથે રેડ, મરૂન કે કોન્ટ્રાસ્ટિંગ ગોલ્ડ બિંદી સારી લાગે છે. સોફ્ટર લુક માટે સાડીના ટોન સાથે મેચ થતી ડાર્ક ગ્રીન બિંદી કરી શકાય.

### યલો - ઓરેન્જ સાડી

એની સાથે રેડ કે મરૂન બિંદી શોભે છે. યલો સિલ્ક સાડી સાથે રેડ સ્ટોન્સ સાથેની ગોલ્ડ બિંદી પણ સારી લાગે છે.

### બ્લેક સાડી

એની સાથે રેડ, ગોલ્ડ કે નાની બ્લેક બિંદી ટ્રાય કરો. બ્લેક સાડી પર રેડ બિંદી ક્લાસિક પાર્ટી કોમ્બિનેશન છે.

### બ્લૂ - પર્પલ સાડી

એની સાથે સિલ્વર, ગોલ્ડ કે નાની રેડ બિંદી સારી લાગે છે. નેવી કે રોયલ બ્લૂ સાથે ગોલ્ડ બિંદી વધુ શોભે છે.

### વ્હાઈટ - ક્રીમ સાડી

એની સાથે રેડ, મરૂન કે સેન્ડલવુડ બિંદી પસંદ કરી શકાય. ક્રીમ કોટન સાડી સાથે એક સિમ્પલ લાલ ટપકું બહુ શાનદાર લુક આપે છે.

### ફેસ શેપ અને બિંદી

તમારા ચહેરાનો આકાર ફોટામાં અને કપાળ પર બિંદી કેવી લાગશે એ નક્કી કરે છે.

» ગોળ ચહેરા પર કપાળના ઉપરના ભાગે થોડી લાંબી બિંદી સારી લાગે છે, એનાથી ચહેરો લાંબો લાગશે. કપાળના નીચેના ભાગે મોટી ગોળ બિંદી ન કરો. એનાથી ચહેરો પહોળો લાગી શકે છે.

» લાંબા ચહેરા પર વચ્ચે રાઉન્ડ બિંદી સારી લાગે છે. રાઉન્ડ શેપ ચહેરાની લંબાઈ અને પહોળાઈના માપને બેલેન્સ કરે છે. તમે સામાન્યથી થોડી મોટી બિંદી પણ કરી શકો.

» અંડાકાર - ઓવલ ફેસ પર લગભગ બધા શેપ અને સાઈઝ સારાં લાગે છે, માત્ર સાડી અને અવસર સાથે મેચ થાય એ ધ્યાન રાખો.

» પહોળા કપાળ સાથે હાર્ટ શેપ ફેસ મીડિયમ સાઈઝની બિંદી સાથે સારો લાગે છે. બહુ મોટી બિંદી કરવાથી કપાળ ભારે ભારે લાગી શકે છે.





### બિંદી પસંદ કરતી વખતે થતી સામાન્ય ભૂલો કેટલીક ભૂલો વારંવાર થાય છે.

» **સાડીની બોર્ડરને નજરઅંદાજ કરવી.** જો તમારી સાડીમાં હેવી જરી બોર્ડર હોય તો પ્લેન બિંદી ફ્લેટ લાગી શકે છે. બોર્ડર સાથે મેચ થતી ગોલ્ડ રંગ કે સ્ટોનવાળી બિંદી પસંદ કરો.

» **દિવસના સમયે ગ્લિટર બિંદી.** સ્ટોન સ્ટડેડ અને ગ્લિટર બિંદી કુદરતી રોશનીમાં ભડકીલી લાગે છે. એને સાંજના પ્રસંગો અને ઇન્ડોર લાઈટિંગ માટે રાખો.

» **દરેક પ્રસંગે એક જ બિંદી.** ઓફિસમાં નાની લાલ બિંદી પર્ફેક્ટ છે પરંતુ વેડિંગ સેરેમનીમાં એ દેખાશે જ નહિ.

» **બહુ નીચે કરવી.** બિંદી તમારી આઈબ્રોની વચ્ચે કરવી જોઈએ, બહુ નીચે કરવાથી ચહેરો ભારે લાગશે.

» **સાડીને બદલે બ્લાઉઝ સાથે મેચ કરવી.** બિંદી આખી સાડીના કલર પ્રમાણે પસંદ કરવી જોઈએ માત્ર બ્લાઉઝના કલર સાથે નહિ, જો બ્લાઉઝ કોન્ટ્રાસ્ટ કલરનું હોય તો બિંદીનો શેડ પસંદ કરતી વખતે એને નજરઅંદાજ કરો.